ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# દારૂની પોટલી, રૂપિયાની રેલમછેલ ચૂંટણી નહીં જીતાડે

## ગુજરાતમાં યુવા-મહિલા મતદારો ચૂંટણીમાં નિર્ણાયક પરિબળ તરીકે ઉભરી આવશે

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં ચૂંટણી જીતવી હશે તો હવે દારૂની પોટલી કે રૂપિયાની રેલમછેલ નહીં ચાલે, ઉમેદવારના સંસ્કાર સાથે પાર્ટીનું યુવા અને મહિલા મતદારો સાથેનું કમિટમેન્ટ પણ જોવાશે. ઉત્તરપ્રદેશ, દિલ્હી અને મુંબઈની છેલ્લી ચૂંટણીઓનું તારણ એવું નિકળે છે કે હવે યુવાનો અને મહિલાઓની અવગણના કોઈ પાર્ટીને પોષાય તેમ નથી.

### ગુજરાતના મતદારોનું વિશ્લેષણ

વસ્તીના પ્રમાણમાં ૬૦ ટકા મતદારો
૧૮-૧૯ વયના મતદારો ૧.૬૦ ટકા
૨૦ થી ૨૯ વર્ષ સુધીના ૧૫.૪૩ ટકા
૩૦ થી ૩૯ વર્ષ સુધીના ૧૫.૦૧ ટકા
૪૦ થી ૪૯ વર્ષ સુધીના ૧૧.૯૪ ટકા
૫૦ થી ૫૯ વર્ષ સુધીના ૮.૧૮ ટકા
૬૦ થી ૬૯ વર્ષ સુધીના ૭.૦૦ ટકા
૭૦ થી ૭૯ વર્ષ સુધીના ૨.૩૭ ટકા
૮૦ અને તેથી વધુ વર્ષના ૦.૭૨ ટકા

### સરકારના ઓફિસરોનો અન્ય રાજ્યોમાં અભ્યાસ : ખાસ કરીને દિલ્હી અને મુંબઇની સ્થાનિક ચૂંટણીમાં બદલાતી પેટર્ન લાગુ કરવા અભિપ્રાય

ગુજરાત વિધાનસભાની ચૂંટણી યુવાનો અને મહિલાઓના મતથી જીતી શકાય તેમ છે તેવું લાગતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ દિશામાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે. એક તરફ તેમણે સ્વામી વિવેકાનંદના માધ્યમથી રાજ્યના યુવા મતદારોને આકર્ષવા રાજ્યભરમાં વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રો ખોલવાનો મહત્વનો નિર્ણય લીધો છે, બીજી બાજુ પાર્ટીને આદેશ આપ્યો છે કે યુવા અને મહિલા મતદારોનો સંપર્ક વધારે પ્રમાણમાં થવો જોઈએ.

ભાજપની યુવા પાંખ પાસે પણ આટલીમોટી સંખ્યામાં યુવાનો નહીં હોય,અન્ય રાજ્યોના અભ્યાસ બાદ યુવા મતદારો તરફ મોદીનું આકર્ષણ વધ્યું છે. ઉત્તરપ્રદેશના ચૂંટણી પરિણામોએ મતદારોની સાચી સ્થિતિ દર્શાવી દીધી છે.

થોડા સમય પહેલાં રાજ્ય વહીવટીતંત્રના કેટલાક આઈએએસ ઓફિસરો પાસે મતદારોની પેટર્નનો સર્વે કરાવવામાં આવ્યો હતો. આ સર્વેમાં દેશના અન્ય રાજ્યોમાં કે જ્યાં છેલ્લી ચૂંટણીઓ થઈ છે તેની મતદાનની વિગતો એકત્ર કરવામાં આવી હતી. છેલ્લે ઉત્તરપ્રદેશના પરિણામોનો આ અધિકારીઓએ અભ્યાસ કર્યો છે. દિલ્હી અને મુંબઈ મહાનગરની સ્થાનિક ચૂંટણીઓની પેટર્ન પણ આ સર્વેમાં ધ્યાનમાં લેવાઈ છે.

ઓફિસરોનું તારણ એવું હતું કે ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી તરફ પ્રવાહ પલટાવાનું કારણ યુવા મતદારો છે. અખિલેશ યાદવને કારણે પાર્ટીને યુવા મતો મળ્યા છે. એક અભ્યાસ પ્રમાણે ખુદ અખિલેશને તેના મત વિસ્તારમાં ૮૦ હજારથી વધારે મતો મળ્યા છે તે તેના ફેસબુક એકાઉન્ટના કારણે છે.

અખિલેશે સોશ્યલ સાઈટનો ભરપૂર ઉપયોગ કર્યો છે તેવું તારણ નિકળતાં અધિકારીઓએ આપેલા રિપોર્ટમાં સોશ્યલ સાઈટને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. એટલા કારણોથી ભાજપના વિવિધ મોરચાની બેઠકોમાં જે ફોર્મ ભરવામાં આવે છે તેમાં સોશ્યલ સાઈટની વિગતો અવશ્ય ભરવા કહેવામાં આવ્યું છે.

એનો સીધો અર્થ એ થયો કે ગુજરાતમાં યુવાનો અને મહિલાઓને આકર્ષિ શકે તેવી પાર્ટી વિજયી બનશે. ઉમેદવાર પણ યુવાન હોવો જોઈશે. આમ પણ ગુજરાતમાં યુવા મતદારોની સંખ્યામાં વધારો થયો છે. કુલ મતદારોમાં ૫૦ ટકા મતદારો ૫૦ વર્ષથી નીચેના છે.

## સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોમાં ૨૫ લાખ યુવાનોની ફોજ તૈયાર થશે

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના પ્રત્યેક જિલ્લા અને તાલુકાને વિવેકાનંદ યુવા કેન્દ્ર આપવાની યોજના સરકારે અમલમાં મૂકી છે. સરકારે બહાર પાડેલા આદેશમાં જણાવ્યા પ્રમાણે ગ્રામ્ય કક્ષાના કેન્દ્રમાં ૧૨૫, તાલુકા કેન્દ્રમાં ૧૫૦ અને જિલ્લા તેમજ પાલિકા કક્ષાએ ૨૫૦ સભ્યો હોવા જોઈશે.

સ્વામી વિવેકાનંદ યુવક શક્તિ કેન્દ્રમાં વાર્ષિક સભ્ય ફી ૫૦ રૂપિયા રાખવામાં આવી છે. આ પ્રકારના કેન્દ્રો પ્રત્યેક ગામમાં ઉભા કરાશે. સભ્યોની વય મર્યાદા ૧૫ થી ૩૫ વર્ષની રાખવામાં આવી છે.

આ કેન્દ્રનો હેતુ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા, પાલિકા કે કોર્પોરેશન વિસ્તારની જરૂરીયાતને ધ્યાનમાં લઈને રચનાત્મક પ્રવૃત્તિ કરવાનો છે. જેમાં પ્રમુખનો હોદ્દો પણ રહેશે.

રાજ્ય સરકાર ગામડાના મંડળને ૫૦૦૦, તાલુકા મંડળને ૨૫૦૦૦, પાલિકા કક્ષાને ૩૫૦૦૦ અને મહાનગરને ૪૫૦૦૦ રૂપિયા ભંડોળ તરીકે આપશે. ગુજરાતમાં ૧૮૫૦૦ ગામ, ૨૨૫ તાલુકા, ૨૬ જિલ્લા, ૧૫૯ પાલિકામાં કેન્દ્રો બનાવશે.

આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડદીઠ બનાવવાના હોવાથી કુલ ૨૧૪ યુવા કેન્દ્રો ઉભા કરાશે. સરકારે આ માટે ૧૨ કરોડનો ખર્ચ કરવાનું નક્કી કર્યું છે.

ગુજરાતમાં ૧૫મી ઓગષ્ટ પછી વિવેકાનંદ યુવા સંમેલનો યોજાશે જે સપ્ટેમ્બર મહિના સુધી ચાલશે. આ કેન્દ્રોમાં ૨૫ લાખ યુવાનોની ફોજ તૈયાર કરવાનો પ્લાન છે.

**ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને પાલિકામાં રાજ્ય સરકાર ૧૨ કરોડની સહાય કરશે, આઠ મોટા મહાનગરોમાં વોર્ડ પ્રમાણે યુવા કેન્દ્રો**

## શહેરની શાળાઓને ધો. ૮ના વર્ગોની હજુ મંજૂરી મળી નથી

### ધો. ૮નો પ્રાથમિકમાં સમાવેશ થયા બાદ મંજૂરીની પ્રક્રિયા હજુ અધ્ધરતાલ : પાટનગરના શિક્ષણતંત્રમાં દિવા તળે અંધારૂ

ગાંધીનગર, તા. ૧૨

ધો. ૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરાયા બાદ ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓને પ્રાથમિક વિભાગમાં સત્તાવાર આ વર્ગોને શરૂ કરવાની મંજુરી મળી નથી ! રાજ્યના અન્ય જિલ્લાઓમાં સરકારના નિર્ણય મુજબ નિયમ મુજબની પ્રક્રિયા અનુસંધાને આ મામલે ત્વરિત મંજુરી આપી દેવાઈ છે જ્યારે આ અંગેના આદેશો જ્યાંથી અપાયા છે તેવા પાટનગરમાં જ દીવા તળે અંધારૂ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ધો. ૮ને પ્રાથમિક શિક્ષણમાં સમાવવાનો સરકાર કક્ષાએ નિર્ણય લેવાયા બાદ આ મામલે મંજુરીની પ્રક્રીયા અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા ફોર્મ બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં શાળા સંચાલકો પ્રાથમિક વિભાગના નિયમો પાળવા સહિતની બાબતો દર્શાવી એફીડેવીટ સાથે શિક્ષણ તંત્રને રજૂ કરાઈ હતી. જેના અનુસંધાને સંબંધિત શાળાઓને ધો. ૮ના વર્ગને મંજુરીપત્ર આપવાનું નિયમ મુજબ નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ નવાઈની વાત એ છે કે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં આ પ્રક્રિયા સરળ રીતે પૂર્ણ કરી સંભવિત શાળાઓને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા મંજુરી પત્ર આપી દેવાયા છે. બીજીતરફ આ નિયમના પાલન માટે જ્યાંથી આદેશ કરાયો છે ત્યાં જ મંજુરીની આ પ્રક્રિયા માટે શાળા સંચાલકોએ શિક્ષણ કચેરીના પગથિયા ઘસવા પડે છે. ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારની શાળાઓને આ મામલે મંજુરીના ઓર્ડર આપી દેવાયા છે પરંતુ શહેરી વિસ્તારમાં ધો. ૮ના વર્ગોની માન્યતા સંદર્ભે હજુ સત્તાવાર રીતે આખી વાત અધ્ધરતાલ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ડી.ઈ.ઓ. કચેરી કક્ષાએથી પણ કામના ભારણની વાત કરી જવાબદાર સંચાલકોને સંતોષકારક પ્રતિઉત્તર પણ મળતો નથી. જેના પરિણામે સરકારના નિયમના અમલીકરણની વાત પણ હજુ કાગળ પર જ રહી ગઈ છે !!



છત્રી બજાર - વરસાદની રાહ માત્ર ગાંધીનગરના નગરજનો જ જોવે છે એવું નથી. રંગબેરંગી છત્રીઓ પણ માર્ગ પર સજીધજીને મેઘરાજાની રાહ જૂએ છે.... જેનું જીવતર વરસાદ વિના અધુરું છે એવી સરસમજાની આકર્ષક છત્રીઓ વરસાદી માહોલને વધુ રંગીન બનાવે છે... **(તસવીર : દિપક જાની)**

## ઉવારસદ ચારરસ્તે સ્કુટર બાઈક અથડાતા એકનું મોત

ગાંધીનગર, તા.૧૨

ઉવારસદ ચોકડી પાસે ગતરાત્રિ દરમિયાન બાઈક અને સ્કુટર અથડાતા એક વ્યકિતને ગંભીર ઈજાઓ થતા તેનું મોત નિપજયું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના ઉવારસદ ગામમાં વણઝારાવાસમાં રહેતા ૪૫ વર્ષીય રામાજી રાજાજી વણઝારા ગઈકાલે રાત્રિના સમયે ૮.૩૦ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને અડાલજ બાબાપીરથી પોતાના ઘર તરફ જવા નીકળ્યા હતા તેવા સમયે ઉવારસદ ચોકડી પાસે સામેથી આવતા સ્કુટર સાથે તેમનું બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન ૪૫ વર્ષયી રામાજી વાહન પરથી ઉછળીને માર્ગ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના પરીણામે તેમનું મોત નિપજયું હતું. બનાવ સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનના જમાદાર હસમુખભાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોલવડાના યુવાનનો લમણે લાયસન્સ વગરની રીવોલ્વર તાકી આપધાત

### યુવાન બાઈક લે-વેચનો ધંધો કરતો હતો

ગાંધીનગર, તા.૧૨

કોલવડા ગામના ખેતરમાં ગાઈકાલે મોડી રાત્રે યુવાને પોતાના લમણે રીવોલ્વર તાકી ગોળી મારીને આપઘાત કર્યો હોવાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કોલવડા ગામમાં રહેતા ૨૭ વર્ષીય જિતેન્દ્રસિંહ દિલિપસિંહ વાઘેલા બાઈક લે-વેચનો ધંધો કરતા હતા. ગઈકાલે રાત્રિના ૧ વાગ્યાની આસપાસ તેમણે ગામના ખેતરમાં પોતાના લમણે દેશી રીવોલ્વર તાકીને ગોળી મારી દેતા તેમનું મોત નિપજયું હતું. પોલીસના જણાવ્યા મુજબ કોલવડાનો આ અપરિણિત યુવાન બાઈક લે વેચનો ધંધો કરતો હતો જયારે તેના કબજામાંની રીવોલ્વર પણ લાયસન્સ વગરની હોવાનું તપાસના અંતે માલુમ પડયું છે. યુવાનના આપઘાત અંગે હજુ સુધી કોઈ કારણ જાણવા મળ્યું નથી. મરનાર યુવાન પાસે રીવોલ્વર કેવી રીતે આવી અને તેણે આ પગલું શા માટે ભર્યું આ સઘળી બાબતોની હકીકત જાણવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પેથાપુર પોલીસ સ્ટેશનના પી.એમ.આઈ. આર.એમ. વસાવાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ...ને બેસહારા મા-દીકરીને ગાંધીનગરના સેવાભાવીઓએ સહારો આપ્યો

### છેલ્લા ૧૫ દિવસથી ઘ-૪ના બસ સ્ટેન્ડને નિવાસસ્થાન બનાવી અસહાય સ્થિતિમાં મૂકાયેલ મા-દીકરીને આજે પાલિતાણા મોકલવાની વ્યવસ્થા કરાઈ પોલીસકર્મીઓ અને સેવાભાવી નાગરિકોની લાગણીથી પરિવાર ગદ્દગદ્દીત

ગાંધીનગર, તા. ૧૨

સંજોગોની થપાટ વ્યક્તિને તેનુ ઘર, ગામ, દેશ છોડવા મજબુર કરી દે છે. ગમે તેટલા ધમપછાડા કરો, ગમે તેટલા પ્રયત્નો કરો પણ સંજોગો મનુષ્યને જીતવા દેતા નથી. વર્ષો સુધી જૈન સાધ્વીઓની સેવામાં રહેલી અને હવે વિપરીત સંજોગો સામે ઝઝુમી રહેલી કલોલની મા-દીકરી છેલ્લા પંદર દિવસથી વરસતા વરસાદની વચ્ચે ગાંધીનગરના એક બસ સ્ટેન્ડ પર આશરો લઈ રહી હતી. આખરે શહેરના કેટલાક સેવાભાવી નાગરિકોની મદદથી આ જૈન સમાજની મા-દીકરીને પાલિતાણા મોકલવાની વ્યવસ્થા થઈ છે.



(તસવીર : દિપક જાની)

હજારો લોકોની જે સ્થળેથી દરરોજ અવરજવર થાય છે તેવા ઘ-૪ના બસસ્ટેન્ડ પર છેલ્લા કેટલાક દિવસોથી એક વૃદ્ધ મા અને તેની દીકરી રહે છે. કમરેથી વાંકી વળી ગયેલી મા સવારના પહોરમાં ઘ-૪ના સર્કલેથી કેરબો ભરીને પાણી લઈ આવે છે અને મા-દીકરી આખો દિવસ પાણી પીને પસાર કરે છે. બે-ત્રણ દિવસ તો રાહદારીઓએ આ વાત જોઈ - ન જોઈ કરી પરંતુ આ મા-દીકરી સારા ઘરની સંસ્કારી સમાજની લાગતા કેટલાકે તેમની પુછપરછ કરી સંજોગો મા-દીકરીને ક્યાંથી ક્યાં લઈ આવ્યા તેની વાત સાંભળી ભલભલાના હૃદય પીગળી ઉઠે. જેના ઘરનુ કોઈ સરનામુ જ નથી તેવી આ બે મહિલાઓ આશરાની શોધમાં ગાંધીનગર આવી પહોંચી.

● અનુસંધાન પાન-૭ પર

## બિલના વિરોધમાં વકીલો બીજા દિવસે પણ કાર્યવાહીથી અળગા

ગાંધીનગર, તા.૧૨

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત મેમ્બરના ચુંટાયેલા મેમ્બર એડવોકેટ કરણસિંહ બી. વાઘેલાના જણાવ્યા અનુસાર સરકાર દ્વારા હાયર એજયુકેશન અને રીચર્સ, બીલ-૨૦૧૧ના વિરોધમાં આજે પણ ગાંધીનગર જિલ્લાની તમામ કોર્ટના વકીલોએ કોર્ટ કામથી અળગા રહી હડતાળ પાડી હતી. જેના સમર્થનમાં વિજયસિંહ વાઘેલા-પ્રમુખ ગાંધીનગર બાર એસોસીએશન, શંકરસિંહ એસ. ગોહિલ-પ્રમુખ ગાંધીનગર એમ.એ.સી.ટી. બાર એસોસીએશન, સલીમ મોદન-મહામંત્રી ગાંધીનગર બાર એસોસીએશન, જીજ્ઞેશભાઈ જોશી-ભાજપ લીગલ કન્વીનીયર, લાલસિંહ ગોહિલ-માજી પ્રમુખ ગાંધીનગર બાર એસોસીએશન તથા વકીલ મિત્રો સાથે આ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડેલા બીલના વિરૂધ્ધ રેલી સ્વરૂપે સૂત્રોચ્ચાર કરી આજે કલેકટર સમક્ષ જઈ આવેદનપત્ર રજુ કર્યું હતું. વકીલોના હિતમાં આ બિલના વિરોધમાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરેલા બંધના એલાનને બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય તરીકે સમર્થન આપ્યું છે.

## ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા અજમાયશી ૧૩ મામલતદાર સંવર્ગના અધિકારીઓ સ્પીપાની તાલિમની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. ● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે દિવસ દરમ્યાન છુટા-છવાયા વરસાદના ઝાપટા પડ્યા હતા. ● જિલ્લા પંચાયતમાં કચેરીઓની બેઠક વ્યવસ્થામાં ફેરફારો ચાલી રહ્યા છે. જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરીની બેઠક વ્યવસ્થા બદલાઈ છે. બીજો મજલો તૈયાર થઈ જતાં આગામી દિવસોમાં વધુ ફેરફારો થશે. વિપક્ષી નેતાની ચેમ્બર પણ પહેલા માળે આવી ગઈ છે. ● વરસાદનુ આગમન થતાં જ મેલેરિયા તંત્રએ પક્ષીઓ માટે બાંધેલા પક્ષીકુંડ હટાવવા તેમજ કચેરીઓમાં રાખેલા વૃક્ષોના કુંડા દૂર કરવા અપીલ કરી છે. ● ગાંધીનગર મનપાએ વ્યવસાયવેરાની છેલ્લા ત્રણ માસમાં ૯૦ લાખ રૂ. જેટલી આવક મેળવી છે.

FALGUNI
9898134590
FUSION STUDIO
DESIGNER DRESSES & MATERIALS
SALE
DESIGNER DRESSES, MATERIALS, KURTIS.....
Plot No. : 343
Sector No. 8/B,
GANDHINAGAR
SALE SALE







RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

TMT BARS - ISI
TATA
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com